નં.ડીએમ/વિ.ચૂંટણી/૧૮/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૨૭/૧૧/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૨ માટેનું મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિ પૂર્વક મતદાન કરી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓને મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજયામાં એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવાનું મને જરૂરી જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે :- **જામનગર જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગમાં સામાન્ય ચૂંટણીઓ માટે નકકી કરવામાં આવેલ મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૦૧/૧૨/૨૦૨૨ ના સવારના ૦૮.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવુ નહી.**

વધુમાં આદેશ કરૂ છુ કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, સી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વિગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.
(૩) લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાન યાત્રાને.
(૫) વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (કયુ) ને.
(૬) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારશ્રીએ અને જિલ્લાના ચૂંટણી અધિકારીશ્રી અગર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અગર સબંધિત તાલુકા મામલતદારશ્રીએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૨૭ માહે: નવેમ્બર-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડવામાં આવ્યું.

Office of the District Magistrate, Jamnagar District
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ

૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને
જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી,
જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેકટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિક્કા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પો.સ્ટે., જી.જામનગર

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર )

૧૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,જામનગર

(૪) ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર

(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફસ્ટ કલાસ કોર્ટ, ...........................